વડીલોને વંદન અભિનંદન

શારદાબેન એન. સુથાર
(૧૯૫૪) મો.૯૮૨૫૧૭૦૫૦૫

બનાસકાંઠાના અગ્રણી ગપણતભાઈ જોષી ચાણકય એવોર્ડથી સન્માનિત

પાલનપુર, તા.૧૮

સમસ્ત બ્રહ્મ સમાજના સંગઠનમાં આજથી ૨૫ વર્ષ પૂર્વે બ્રહ્મ સમાજની એકતા માટે કાર્યનો શુભારંભ કરનાર જિલ્લાના વરિષ્ઠ પત્રકાર અને રાજકીય, સામાજીક અગ્રણી ગણપતભાઈ કેવળરામ જોષીને તાજેતરમાં અમદાવાદ મુકામે યોજાયેલ એક શાનદાર સમાજીક સમારંભમાં સમાજની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ અર્વાચીન મહર્ષિ ડૉ. એચ.એલ. ત્રિવેદી, નિયામક કીડની હોસ્પિટલ, અમદાવાદના વરદ હસ્તે ચાણક્ય એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.



ચાણકય સમાજ સેવા ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલ સમારંભમાં રાજેન્દ્રભાઈ વ્યાસે સ્વાગત પ્રવચન કરી સમગ્ર ગુજરાતમાં ત્રણ દાયકાઓથી બ્રહ્મસમાજના ઉત્કર્ષ માટે કાર્ય કરનાર રાજયભરના ૫૦ જેટલા અગ્રણીઓનું બહુમાન આ કાર્યક્રમમાં સમાજના વંદનીય અગ્રણીઓના હસ્તે કરાયું હતું. આ શાનદાર સમારંભમાં મહર્ષિ બ્રહ્મર્ષિ સંસ્કાર ધામના પ્રણેતા પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રી, સિધ્ધિ વિનાયક ધામના નિર્માતા શ્રી મનોજભાઈ રાજ પુરોહિત, વિશ્વ હિન્દુ પરિષદના પ્રદેશ મંત્રી શ્રી કૌશિકભાઈ મહેતા સહીત વિશાળ સંખ્યામાં રાજયભરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરામાં આનંદીબેન પટેલની સભા અને રોડ શૉ યોજાયો

લોકસભાની ચૂંટણી માટે ૩૦મી એપ્રિલના રોજ ગુજરાતની કુલ ૨૬ બેઠકો માટે મતદાન થનાર છે. જેને લઈ ચૂંટણી પંચે પણ તડામાર તૈયારીઓ કરી દીધી છે. રાજકીય પક્ષો પણ જંગના મેદાનમાં ઉતરી ચૂંટણી યુદ્ધ જીતવા રણશીંગુ ફુંકી દીધું છે. ત્યારે બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારના પ્રચાર અર્થે મંત્રી આનંદીબેન પટેલ બનાસકાંઠા આવી પહોંચ્યા હતા. તેમણે ધાનેરા ડીસા અને પાલનપુરમાં જાહેર સભાઓ યોજી હતી. જેમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાન બનાવવા ભારે પ્રમાણમાં મતદાન કરવા અને 'કમળ'ને મત આપવા અપીલ કરી હતી અને બાદમાં વર્તમાન વડાપ્રધાન સહિત કેન્દ્રની યુ.પી.એ. સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. બાદમાં રોડ શૉ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો હરેશ જાની, વસંત પુરોહિત, હરજીવન પટેલ, કુસુમ રાવલ, નૌકાબેન પ્રજાપતિ સહિત કાર્યકરો જોડાયા હતા.

એક્સપાયરી ડેટ દવા મુદ્દે અંતે ફટકારાયેલ નોટિસ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વીએસ હોસ્પિટલમાં થોડા સમય અગાઉ બર્ન્સ વોર્ડમાંથી એક્સપાયરી ડેટ નજીકની દવાઓ અને બિનહિસાબી ઈન્જેક્શન મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું હતું અને ફુડ એન્ડ ડ્રગ કચેરીને તે બાબતે નોટિસ આપવામાં આવી છે.

વીએસ હોસ્પિટલમાં બર્ન્સ વોર્ડમાંથી આ ઈન્જેક્શનો વોર્ડમાંથી આ ઈન્જેક્શનો અને દવાઓ ક્યાંથી આવી તેનો કોઈ જ રેકોર્ડ હોસ્પિટલના સત્તાવાળાઓ પાસે નથી. એક્સપાયરી ડેટની નજીક આવેલી દવાઓ દર્દીઓને આપવાનું વીએસ હોસ્પિટલનું એક મોટું કૌભાંડ જ છે. દર્દીઓને જાણી જોઈને એક્સપાયરી ડેટ વાળા ઈન્જેક્શનો અને દવાઓ આપવામાં આવી રહી છે તેવું જાણવા મળતાં જ ફુડ અને ડ્રગ કચેરીએ દવા અને ઈન્જેક્શનના એક્સપાયરી ડેટની નજીકના સેમ્પલ લઈ તપાસ કરવા મોકલી આપ્યા અને વીએસ હોસ્પિટલને આ બાબતે નોટિસ આપવામાં આવી છે.

લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી હરીભાઈ ચૌધરીનો આજે પાલનપુર તાલુકાના વિવિધ ગામોમાં ઝંઝાવાતી પ્રવાસ યોજાયો હતો. જેમાં ગામે ગામ વિશાળ સંખ્યામાં જનમેદનીએ શ્રી હરીભાઈ ચૌધરીનું ઉમળકાભેર સ્વાગત કરીને પ્રચંડ જનસમર્થન આપ્યું હતું. શ્રી ચૌધરીનો આજે પાલનપુર તાલુકાના ચડોતર, એગોલા, કુશ્કલ, બાદરપુરા, ચંડીસર, મોટા, સુંઢા, સામઢી-૧-૨-૩, વાસણી, દલવાડા, તાલેપુરા, મડાણા, કુંભાસણ, સલેમપુરા, કુંભલમેર, ખોડલા, વેડંચા, ભાવિસણા, આકેસરણ, ગામોનો લોકસંપર્ક કરીને રાષ્ટ્રના વિકાસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિની ચર્ચા કરીને બનાસકાંઠામાંથી પણ એક કમળ શ્રી નરેન્દ્રભાઈને અર્પણ કરવા જાહેર જનતાને અપીલ કરી હતી.

સાબરકાંઠાનું ઘરેણું રણાસણનું અંજલિ ટ્રસ્ટ

સંસ્થાની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજતજયંતિ વર્ષની ઉજવણી કરાઈ : આસપાસના વિસ્તારના આશરે ૫૦ ગામોના આર્થિક રીતે નબળા દર્દીઓને સારવાર અપાય છે

રણાસણ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર પાસે આવેલ રણાસણ ગામે અંજલિ સોસાયટી ફોર રૂરલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટના પચ્ચીસ વર્ષ પુરા થતા રજત જયંતિ વર્ષની ઉજવણીની પૂર્ણાહુતિ કરાઈ હતી. આ ટ્રસ્ટ દ્વારા રણાસણ મુકામે આ વિસ્તારના લગભગ ૫૦ ગામોને આવરી લેતી ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને જરૂરી સ્વાસ્થ સંબંધી સેવાઓ અને સારવાર પુરી પાડતા હોસ્પીટલ ચલાવવામાં આવી રહી છે.

સેવાકીય પ્રવૃત્તિ દ્વારા નામના મેળવનાર અંજલિ ટ્રસ્ટ દ્વારા ૭૫ ખાટલાની હોસ્પીટલ ચલાવવામાં આવે છે. તાજેતરમાં આ ટ્રસ્ટના રજત જયંતિ વર્ષની ઉજવણીની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ સમારંભમાં વડોદરા શ્રુતિ મંદિરના પૂ. સ્વામી બ્રહ્માનંદજી અને અનેરા ખાતે આવેલ વિશ્વ મંગલમ્ સંસ્થાના મોભી ગોવિંદભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સંસ્થાને પંદર વર્ષથી સેવા આપનાર ડ્રાઈવરથી માંડીને ડોક્ટરો સુધીના વિવિધ કક્ષાના તમામ કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સંસ્થાના ટ્રસ્ટી ડૉ. લલિતભાઈ શાહે અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં અહીંની આધુનિક સેવાઓ ધરાવતી હોસ્પિટલ ઉપરાંત સંસ્થા દ્વારા ગામડાઓમાં નેત્ર યજ્ઞ અને દંત યજ્ઞ જેવા સેવાયજ્ઞો, સ્ત્રી સશક્તિકરણ અને પર્યાવરણ રક્ષણ અંગે પણ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાય છે તે અંગે માહિતી આપી હતી. આ હોસ્પિટલમાં ગત વર્ષે ૬૮૦૦૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી જેમાંથી ૪૦૦૦ થી વધુ દર્દીઓને દાખલ કરાયા હતા જેમાં ૮૩ ટકાથી વધુ દર્દીઓ નબળા આર્થિક વર્ગના હતા.

અંજલિ ટ્રસ્ટની સ્થાપના ૧૯૮૯માં કરવામાં આવી હતી જે આજે એક વિશાળ વટવૃક્ષ બનીને ઉભરી આવી છે. અંજલિ ટ્રસ્ટ દ્વારા આજ સુધી માનવ શરીરને કેન્દ્રમાં રાખી રોગ સારવાર સાથે રોગ થાય જ નહિ તે માટે અટકાયતના પગલાં લેવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા જીવન વિદ્યા શિબિર યોજવામાં આવે છે. જેમાં સાત દિવસના કાર્યક્રમમાં વૈધકિય વિજ્ઞાન અંગે જાગૃતિ અને સમજણ કેળવવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટી દ્વારા ખેત ઉત્પાદન વધારવા અંગે સજીવ ખેતી અપનાવવા અને ઝેરમુક્ત શાકભાજી ઉગાડવા અનુરોધ કરાયો હતો.

સે-૨૭માં ઓખાહરણ કથાનું આયોજન

સેકટર-૨૭ આનંદનગર વસાહત મંડળ, ગાયત્રી પરિવાર શાખા અને ગાંધીનગર જિલ્લા ગાયત્રી પરિવાર દ્વારા તા. ૨૦ એપ્રિલ રવિવાર સાંજે ૭.૩૦ કલાકે સેકટર-૨૭ નવરાત્રી ચોક ખાતે ઓખાહરણ કથા યોજવામાં આવશે. દુષિત માનવ ચિંતનનો પરિષ્કાર કરી માનવીમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સુદૃઢ બનાવવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પ્રેમાનંદ રચિત ઓખાહરણ આખ્યાન સાંભળવા ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શહેરમાં ૮૦ લાખના હિરાની ચીલઝડપ : પોલીસની તપાસ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં અગાઉના આંગડિયા લૂંટની ઘટનાઓમાં ભેદ ઉકેલાઈ રહ્યા નથી ત્યારે વધુ એક આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટી લેવામાં આવ્યો છે. ૮૦ લાખના હિરાની ચીલઝડપથી ખળભળાટ મચી ગયો છે.

ઠક્કરબાપાનગરમાં આંગડિયા પેઢીના બે કર્મચારીઓ પાસેથી લુટારુઓ ૮૦ લાખના હિરાની ચીલઝડપ કરીને ફરાર થઈ જતાં ખળભળાટ મચી ગયો છે. નરોડા પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ બનાવના પગલે પોલીસ પણ ચોંકી ઉઠી છે. અમદાવાદ શહેરમાં લૂંટ સહિતના ગુનાઓમાં હાલમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં અમદાવાદ પોલીસ સામે પણ પડકારરુપ સ્થિતિ ઉભી થઈ ગઈ છે. પોલીસ ટુકડીએ જુદા જુદા એંગલથી સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી છે. ભૂતકાળમાં લૂટની અનેક ઘટનાઓની જેમ જ આ વખતે પણ લુટારાઓ બાઈક ઉપર બુરખા પહેરીને આવ્યા હોવાનું સાક્ષીઓએ કહ્યું છે. ટુંકા ગાળામાં જ આંગડિયા પેઢીના કર્મચારીના હાથમાંથી હિરાના પેકેટ આંચકી લઈને ફરાર થઈ ગયા હતા.

બાપુનગરથી ઠક્કરબાપા-નગરમાં હિરા આપવા માટે આંગડિયા કર્મચારી આવ્યા હતા. જાણભેદુનું આ કામ હોવાનું જાણવા મળી રહ્યું છે. ચીલઝડપના બનાવથી આસપાસના વિસ્તારમાં પણ ઉત્તેજના ફેલાઈ ગઈ હતી.

એરપોર્ટ પર બે કિલો સોના સાથે એકની ધરપકડ કરાઈ

એક વર્ષમાં સોનાની દાણચોરીમાં ૧૫ ગણાથી વધુ વધારો થઈ ચુક્યો છે : ઝડપાયેલા શખ્સની કઠોર પુછપરછ શરૂ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં વિમાની મથકે સિંગાપુરથી અમદાવાદ આવેલા એક શખ્સ પાસેથી બે કિલો સોનાનો જથ્થો પકડી પાડવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. સમગ્ર મામલામાં કસ્ટમ વિભાગના અધિકારીઓએ ઉંડી તપાસ હાથ ધરી હતી. વિમાની મથકે કસ્ટમ વિભાગ દ્વારા પણ હવે ચકાસણી વધારી દેવામાં આવી છે. વિદેશમાંથી સોનુ લાવી ભારતમાં વેચી જંગી કમાણી કરવાની પ્રથા હાલમાં ચાલી રહી છે. સોનાની આયાતને અંકુશમાં લેવા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા બાદ હાલમાં સોનાની દાણચોરીમાં ઉલ્લેખનીય વધારો થયો છે.

અમદાવાદ વિમાની મથકે હાલમાં સોના સાથે કેટલાક શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે છેલ્લા એક વર્ષમાં ગોલ્ડ સ્મગલિંગમાં ૧૫ ગણો વધારો થયો છે. ફક્ત છેલ્લા ત્રણ મહિનામાં જ અમદાવાદ એરપોર્ટના કસ્ટમ ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૮ કિગ્રા સોનું જપ્ત કરવામાં આવ્યું છે. જેની કિંમત આશરે પાંચ કરોડ જેટલી થાય. કસ્ટમ ડિપાર્ટમેન્ટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪માં સૌથી વધુ ૧૩.૧૦ કિગ્રા સોનું જપ્ત થયાનું જાણવા મળ્યું છે. અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ગુરૂવારે રાતના સિંગાપોરથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાંથી ઉતરેલ એક ઈસમ શંકાસ્પદ જણાતાં એરપોર્ટ પરના કસ્ટમ ડિપાર્ટમેન્ટ દ્વારા તેનું ચેકીંગ કરાયું હતું. આ ચેકીંગ દરમ્યાન તે ઈસમ પાસેથી અંદાજે ૨ કિગ્રા સોનું જેની કિંમત આશરે ૬૦ લાખની થાય છે. જે મળી આવતાં કસ્ટમ વિભાગ દ્વારા તેની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ સોનાની દાણચોરી માટેનું હબ હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે કેમ કે બુધવારના રાતના પણ સિંગાપોરથી આવેલી ફ્લાઈટમાંથી ઉતરેલા મુદ્રાના મોહમ્મદ રફીક અબદુલ્લા પાસેથી રૂા. ૨૦.૮૦ લાખનું સોનું કસ્ટમ વિભાગ દ્વારા પકડી પાડવામાં આવ્યું હતું અને ગુરૂવારના રાત્રે પણ એક ઈસમની બે કિલો સોનાના જથ્થા સાથે અટકાયત કરી હતી.

લઠ્ઠાકાંડના આરોપીને સર્ટી આપનાર તબીબ ઝડપાયો

અમદાવાદ, તા.૧૮

સમગ્ર રાજયમાં ચકચાર જગાવનાર લઠ્ઠાકાંડમાં કાચા કામના આરોપી મોહમ્મદતારીક રાજપુતે વચગાળાના જામીન મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. મોહમ્મદતારીકે પુત્રની બિમારીનું કારણ રજુ કરી તબીબનું સર્ટીફીકેટ જામીન મેળવવા મુક્યું હતું. જેમાં હાઈકોર્ટે સર્ટીફીકેટનું વેરિફીકેશન કરવા શહેર ક્રાઈમબ્રાન્ચને આદેશ આપ્યો હતો. જેમાં બિમારીનું સર્ટીફીકેટ આપનાર તબીબ ડિગ્રી વગરનો બોગસ હોવાનું ખુલતા ક્રાઈમબ્રાન્ચ બોગસ ડોક્ટરની ધરપકડ કરી હતી.

આ કેસની વિગત એવી છે કે રાજયમાં હાહાકાર મચાવનાર લઠ્ઠાકાંડમાં છેલ્લા ચાર વર્ષથી સાબરમતી જેલમાં કાચા કામના કેદી મોહમ્મદ તારીક રાજપુતે વચગાળાના જામીન મેળવવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં તેમણે જણાવ્યું હતું કે તેના સાત વર્ષના દિકરા મોહમ્મદ આતીફની તબિયત ખૂબ ખરાબ છે અને તેની તબિયત સાચવવા વચગાળાના જામીન મળવા જોઈએ. મોહમ્મદ તારીકે પોતાના દિકરાની બિમારી બાબતનું ડો. કે.વી. સીદીકીનું સર્ટીફીકેટ રજુ કર્યું હતું, પરંતુ સર્ટીફીકેટ શંકાસ્પદ લાગતા હાઈકોર્ટે સર્ટિફીકેટનું વેરિફીકેશન કરવા શહેર ક્રાઈમ બ્રાન્ચને આદેશ આપ્યો હતો. જેમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.એસ. ગેડમે ખરાઈ કરતા સર્ટીફીકેટ બનાવી આપનાર કલીમુદ્દીન વસીઉદ્દીન સીદીકી કોઈ ડોક્ટરની ડિગ્રી ધરાવતા ન હતા છતાં તે ખોટી ડિગ્રી સાથેના લેટરપેટ છપાવી ડોક્ટર બન્યા હતા અને નાગરીકોને ખોટા સર્ટીફીકેટ બનાવી આપતા હતા. પોલીસે નકલી ડોક્ટરની ધરપકડ કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેર ક્રાઈમબ્રાન્ચ સીદ્દીકી દ્વારા ડોક્ટરના ખોટા રબ્બર સ્ટેમ્બર અને લેટરપેટ ક્યા છપાવ્યા તેની તપાસ કરી રહ્યું છે. ઉપરાંત સીદ્દીકે આ અગાઉ કેટલા સર્ટીફીકેટ ખોટા છપાવ્યા હતા અને તેનો ક્યા-ક્યાં ઉપયોગ કર્યો છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. સીદ્દીકી બોગસ ડોક્ટર બન્યા પહેલા કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ જ્યારે મોહમ્મદ તારીકે સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી ત્યારે પણ આ જ તબીબીનું દિકરાની બિમારનું પ્રમાણપત્ર મુક્યું હતું, ત્યારે પણ કોર્ટે સર્ટીફીકેટ, વેરિફાઈ કરવાનો આદેશ આપ્યો હતો પણ એ વખતે બોગસ ડોક્ટર તેના મૂળ વતન યુપી ગયો હતો તેથી, પોલીસના શંકજામાં આવ્યો ન હતો, એ વખતે સેશન્સ કોર્ટે મોહમ્મદ તારીકના જામીન નામંજુર કર્યા હતા. પોલીસના શંકજામાં પકડાયેલ બોગસ ડોક્ટર દ્વારા હાઈકોર્ટમાં જે સર્ટીફીકેટ રજુ થયું હતું તેમાં સીદ્દીકીએ પોતે તબીબ છે અને વીએસ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, એલજી હોસ્પિટલ અને શારદાબેન હોસ્પિટલમાં ફરજ બજાવે છે તેવો ઉલ્લેખ કર્યો હતો.

શબ્દાવલી - ૫૩૭૧



આડી ચાવી

૧. ઘુંઘટ, પરદો (૩)
૪. ખાદીના કપડા પહેરેલ વ્યક્તિ (૪)
૫. ફ્રુટ્સ, જુદા જુદા ફળો (૫)
૬. છુટ્ટી, મંજુરી (૨)
૭. મર્યાદા, આમન્યા (૪)
૧૧. અસલ મુળ જગા, સપાટજમીન (૪)
૧૪. મુક્કાબાજીમાં થતો અવાજ(૪)
૧૫. કમાવુ, મજુરી કરવી (૩)
૧૬. વહેમ (૨)
૧૭. ચોરસી, સુતારનું એક સાધન (૩)
૨૦. ઘરડા (મોટા ભાગે તુચ્છકારમાં) (૩)
૨૧. પથ્થરવાળુ, પથરાળ (૪)
૨૨. સ્મશાનગૃહ, અંતિમ ઘાટ (૪)

ઊભી ચાવી

૧. તિરસ્કાર, ઘૃણા (૪)
૨. અતિતીવ્ર, ભયંકર (૪)
૩. ... વડા, (ફરાળી વાનગી)
૪. નોકર, મજુર (૩)
૮. ... યાર, નધણિયાતુ (૨)
૯. ડિટેકટીવ, ગુપ્તચર (૩)
૧૦. દમકવાળુ, ચમકવાળુ (૫)
૧૨. વિષ્ણુનો છઠ્ઠો અવતાર... નામના ઋષિ (૫)
૧૩. કડક, સૈન્ય (૨)
૧૭. ચીરી, ફડચાંડ્યિુ, ડોચકું(૩)
૧૮. નાડી, નસ (૨)
૧૯. વણેલુ, વણતર (૩)
૨૧. પાઘડી (૨)

શબ્દાવલી ૫૩૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) કારજ (૩) પરવાહ (૫) દીપક (૭) ચુકાદો (૮) રમતવીર (૯) વમળ (૧૦) મુક (૧૨) વખાણ (૧૪) લબ (૧૬) માવતર (૧૮) કોમલ (૧૯) લાડી (૨૦) વોકળું

ઊભી ચાવી :- (૧) કાગદી (૨) જળકમળવત્ (૩) પળ (૪) હડદોલો (૬) પરમ (૭) ચુરમુ (૯) વરમાલા (૧૧) કમલ (૧૩) ખારવો (૧૫) બલમ (૧૭) વડી (૧૮) કોળુ

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
ઉચ્ચક કામ માટે
માણસ જોઈએ છે
મો. : ૯૯૦૯૯ ૪૩૬૧૪

Wanted
Receptionist at Infocity
Smart lady Graduates, presentable and fluent in English, having experience in hospitality or Fresher may apply.
Contact : 94299 74808

ચૂંટણી પંચ ગુજરાતમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકમાં જિલ્લાઓમાં નોંધાયેલી આચાર સંહિતાની ફરિયાદો, સ્ટેટીક સર્વેલન્સની કામગીરી, ફ્લાઈંગ સ્કવોડની કામગીરી તેમજ વિડીયો સર્વેલન્સ સહિતની બાબતોને આવરી લેવામાં આવશે.

આ પછી પંચ રાજ્યના મુખ્ય સચિવશ્રી વરેશ સિંહા તેમજ ગૃહ સચિવ શ્રી એસ. કે. નંદા અને રાજ્યના પોલીસ વડાશ્રી પી.સી. ઠાકુર સાથે પણ અલગથી ચર્ચાઓ કરશે.

પંચ આખો દિવસ ગાંધીનગર નજીક નારાયણી ફાર્મ ખાતે આ સમીક્ષા બેઠકોનો દોર ચલાવનાર છે. સાંજે પત્રકાર-પરિષદનું પણ પંચ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. પંચ ગુજરાતની આ બીજી મુલાકાતે આવી રહ્યું છે.

પંચ તરફથી અગાઉ નાયબ ચૂંટણી કમિશનરશ્રી ઝુત્સી આવવાના હતા પરંતુ તેમની મુલાકાત રદ થઈ છે અને હવે પંચ આખુ ગુજરાતની મુલાકાતે આવી રહ્યું છે જે નોંધનીય છે.

ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિંતા વ્યકત કરી હતી. સાંસદ સેવક બને તેવો મત વ્યકત કર્યો હતો અને તેમણે ઉમેદવારનો ભૂતકાળ અને કામ કરવાની શકિત જોઈને મત આપવો જોઈએ.

કુલદીપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે જે શહેરનો સેવક થશે તે લોકસભાનો સાંસદ થશે. વર્તમાન સાંસદ સરકારી કાર્યક્રમો સિવાય મુશ્કેલીના સમયમાં ક્યારેય દેખાયા નથી. શહેરના નાગરિકો માટે પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ નિવડયા છે. સરકારી શાળાઓ મૃતપાય થઈ રહી છે. સામાન્ય પ્રજાને પ્રાઈવેટ સ્કુલોમાં જવાની ફરજ પડી રહી છે અને એક સાંસદની ગ્રાન્ટનો પૂરો ઉપયોગ પણ થતો નથી ત્યારે હું હંમેશા સ્થાનિક અને ગરીબની સાથે ગરીબ બનીને કાર્ય કરતા ઉમેદવારને પસંદ કરીશ.

શહેરમાં ચૂંટણીનો માહોલ પૂરે પૂરો જામી ગયો છે. ત્યારે મતદારો કેવા ઉમેદવારને પસંદ કરશે તે તો સમય જ બતાવશે પરંતુ હાલના સમયે જોતા લાગી રહ્યું છે કે, આ ચૂંટણીમાં ગાંધીનગરની જનતા દ્વારા આશ્ચર્ય પમાડે તેવું પરિણામ આપવામાં આવે તો નવાઈ નહિ.

મજા લેવા ઉત્સુક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ મનગમતી પ્રવૃત્તિઓ ઉપરાંત ટુર પર જવા ઉત્સુક બન્યા છે. બાકી રહેતી શાળાઓમાં પણ આગામી તા. ૨૧ એપ્રિલ સુધીમાં વિદ્યાર્થીઓને વેકેશન આપી દેવાશે. અલબત્ત અમુક શાળાઓમાં બાકી પરીક્ષાની કાર્યવાહી પણ પૂર્ણ થઈ જશે. ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ આગામી જૂન મહીનામાં નવું શૈક્ષણિક સત્ર ચાલુ થશે. જયારે મે મહીનાના અંત સુધીમાં પરિણામો જાહેર કરી દેવાશે. શાળાઓમાં વિદ્યાર્થીઓને વેકેશન આપી દેવાતા ઉનાળુ રાત્રિની રોનકમાં પણ અનોખો નિખાર જોવા મળે છે. શહેરના ખુલ્લા મેદાનોમાં પણ ક્રિકેટ પીચ માંડી દેવામાં આવી છે.

ચૂનો લગાવી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોપવામાં આવતા એલ.સી.બી એ તપાસ શરુ કરી હતી.આટલા દિવસોથી નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સુત્રધાર દિનેશ પટેલ ની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રીમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે.પૂછપરછ માં -નથમિક તબક્કામાં બહાર આવ્યું છે કે દિનેશે અમદાવાદ માં પણ એક ઓફીસ બનાવી છે.તેમાં બીજા કેટલા લોકો ને ચૂનો લગાવ્યો છે તે તપાસ ચાલુ છે.ગાંધીનગરમાં પહેલા રહેતો અને ઘણા સમય થી કેનેડા માં સ્થાયી થયેલો દિનેશ નો એક ગુજરાતી મિત્ર આ વહીવટ કરતો હતો.પહેલા કેનેડાના કાયમી વિઝાના ઘણા કામ કરાવી દીધા બાદ હમણાથી તેણે પૈસા લઈ લીધા બાદ સંપર્ક તોડી નાંખીને દિનેશ નું કરી નાખ્યું હોવાની કેફિયત પોલીસ સમક્ષ દિનેશ આપી રહ્યો છે.જો કે આમાં કેટલી સચ્ચાઈ છે તેની તપાસ પણ પોલીસે શરુ કરી છે.